૬. **ઠંડા ડામ :-** જેમાં બ્રાંડ નંબર ને જલદ કે દાહક પ્રવાહીમાં બોળી ડામ આપવામાં આવે છે.

:: પ્રવાહી ની દાહક અસરને કારણે શરીરનો તેટલો ભાગ અલગ પડે છે. તથા નંબર વાંચી શકાય છે. પણ આ રીત પણ કાયમી નથી

૭. **નંબર પ્લેટની મદદથી :-** આ રીતમાં સાદી પ્લેટ ઉપર જાનવરનો નંબર, જે તે ગૌશાળા કે પશુ ફાર્મનું નામ, સ્થળ, વગેરે લખીને જાનવરના ગળામાં પહેરાવવામાં આવે છે.

:: આ રીતમાં પ્લેટ ખોવાઈ જવાનો કે પડી જવાની સંભાવના હોવાથી, કાયમી નંબર આપી શકાતો નથી.

૮. **કલર માર્કિંગ :-** આ પધ્ધતિનો ઉપયોગ જાનવરના સમુહને ઓળખાણ માટે થાય છે.

:: જેમાં એક એક જાનવરને ઓળખી શકાતું નથી પણ તે કયાં સમુહનું છે. તે જાણી શકાય છે.

:: આ માટે જાનવરના શરીર ઉપર રંગીન રસાયણ કે રંગ વડે ટપકાં કરવામાં આવે છે. ખાસ કરીને આ રીત ઘેટામાં વપરાય છે.

૯. **ઈયર નોચીગ :-** જાનવરના કાન ઉપર U કે V આકારની ખાંચ કાતર કે ખાસ ચીપીયા વડે આપવામાં આવે છે.

:: આ રીતનો ઉપયોગ ખાસ કરીને ડુકકરમાં થાય છે.

૧૦. **વિંગ બેંડ, લેગબેંડ, ટો- પંચિંગ :-**

:: આ રીતનો ઉપયોગ મરઘા કે બતકામાં ઓળખાણ આપવા માટે થાય છે.

:: જેમાં ફાર્મનું નામ, નંબર, વગેરે લખેલ બેન્ડ, મરઘાની પાંખ કે પગમાં પહેરાવવામાં આવે છે.

:: પગમાંપંજાની વચ્ચે રહેલ ચામડીમાં કાણું પાડી ઓળખાણ આપવાની રીતને ટો-પંચિંગ કહે છે.

કૃષિ વિસ્તરણ પ્રકાશન શ્રેણી : ૩-૧-૧૧૨, નકલ – ૧૦૦૦, કિંમત – વિના મુલ્યે.



# જાનવરોને ઓળખાણ આપવાની રીતો





**લેખક**

ડો. એમ. એમ. તાજપરા
ડો. બી. બી. કાબરીયા
શ્રી ડી. એ. સરાડવા
શ્રી ડી. પી. સાનેપરા
શ્રીમતિ એચ. એચ. પડસુંબીયા

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી,
તરઘડીયા, જી. રાજકોટ – ૩૬૦ ૦૨૩
ફોન નં. (ઓ.) ૦૨૮૧–૨૭૮૪૧૭૦


**માર્ચ - ૨૦૧૭**

NICRA

Scanned by CamScanner

જ્યારે ગૌશાળા કે પશુ ફાર્મમાં વધારે જાનવર હોય ત્યારે અમુક જાનવરને ઓળખવું મુશ્કેલ પડે છે. આ માટે જુદી જુદી પધ્ધતિઓ વડે નંબર આપીને પશુને ઓળખી શકાય છે.

**જાનવરોને ઓળખાણ આપવી નીચેના કારણોસર જરૂરી બને છે.**

૧. જાનવર ના ઉત્પાદનના આકડાં માટે.

૨. જાનવરનો વિમો ઉતારવા માટે.

૩. બિમાર જાનવરની સારવાર માટે

૪. કૃત્રિમ બિજદાન માટે.

૫. રેકર્ડ રાખવા માટે. અથવા નિભવણી માટે.

૬. જન્મ અને મૃત્યુ નોંધ માટે.

૭. ખરીદી અને વેચાંણ વખતે અલગ–અલગ પ્રકારના પશુઓની માવજત માટે.

૮. છટણી કરવા માટે.

**જાનવરોને ઓળખાણ આપવાની રીતો :-**

૧. **નામ આપીને :** જ્યારે જાનવરની સંખ્યા મર્યાદિત હોય ત્યારે ઉપયોગી છે.

:: જેમાં જાનવરનું નામ શરીરના કોઈ વિશીષ્ટ લક્ષણ પરથી દેવી, દેવતા પરથી કે કોઈ નદીના નામ પરથી અથવા તો જ્યાંથી ખરીદેલું હોય, તેના નામ (સ્થળના નામ) પરથી આપવામાં આવે છે. દા.ત. – ચાંદણી, ભુરી, ગંગા.

૨. **છુદંણા :** આ રીતનો ઉપયોગ જાનવરના જન્મ પછી તરત જ ઓળખાણ આપવા માટે થાય છે.

:: જેમાં ટેટુઈંગ ચિપીયાની મદદથી કાનની અંદરની સપાટી ઉપર નંબરની છાપ પાડવામાં આવે છે.

– છાપ પડી ગયા પછી તરત જ છુંદણાની શાહી રૂ વડે છાપ ઉપર ઘસવામાં આવે છે.

– છુંદણા સુંકાઈ ગયા પછી તે નંબર ઉપરથી જાનવર મોટુ થાય ત્યારે તે નંબરનો



ડામ આપવામાં આવે છે. જે આજીવન રહે છે.

૩. **કાનમાં પટ્ટી વાળીને (ઈયર ટેગીગ) :-**

:: આ રીત નો ઉપયોગ ઘેટા બકરામાં તથા નાના જાનવરોમાં થાય છે.

:: જેમાં એલ્યુમિનીયમ કે પ્લાસ્ટીકની પટ્ટી ઉપર પહેલેથી જ નંબર છાપવામાં આવે છે.

:: આ પટ્ટી ટેગીગ ચીપીયાની મદદથી કાન ઉપર લગાડવામાં આવે છે.

:: આ રીતમાં ઘણીવાર પટ્ટી નીકળી જાય છે. તેથી વારંવાર લગાડવી પડે છે.

૪. **ગરમ ડામ આપીને :- (હોટ બાંડીગ)**

:: આ રીતમાં લોખંડના બ્રાંડ નંબર ગરમ કરીને જાનવરના ખભા ઉપર કે થાપા ઉપર ડામ આપવામાં આવે છે.

:: ડામ આપતા પહેલા ડામ આપવાથી જગ્યા પાણીથી બરાબર સાફ કરી એંટી–સેપ્ટીક લગાડી જંતુ રહીત કરવામાં આવે છે.

:: ડામ આપ્યા બાદ ૧૦ થી ૧૫ દિવસ સુધી ડ્રેસીગ કરાવી આપવામાં આવે છે.

:: ડામ અઢી થી ત્રણ વર્ષની ઉમરે અને શિયાળામાં આપવામાં આવે છે.

:: આ રીતે આપેલ નંબર જાનવરના મૃત્યુ સુધી કાયમી રહે છે.



૫. **ફ્રીજ બાંડીગ/ કોલ્ડ બાંડીગ :-** આ પધ્ધતિમાં બ્રાંડ નંબરને પ્રવાહી નાઈટ્રોજનમાં બોળી ડામ આપવામાં આવે છે.

:: ડામ આપેલ ભાગના વાળ સફેદ થઈ જતા નંબર વાંચી શકાય છે. પણ આ રીત કાયમી નથી



Scanned by CamScanner